
કલમ કડછી બરછી
શિક્ષણ સેવા સંરક્ષણ

ફેબ્રુઆરી–૨૧ વર્ષ : ૫૭

તંત્રી : વિરેન શાં. ધોળકિયા
મો. ૯૪૨૮૭૦૦૧૦૫ (WhatsApp)

બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
email : barchhi@rediffmail.com
www.barchhi.com



## અમો નાગર નિરાળા...

મહાદેવ મસ્તકના અક્ષત, અમો નાગર નિરાળા !
સંસ્કૃતિ સભ્યતાના રક્ષક, અમો નાગર નિરાળા !
શિવ શક્તિ અંબાના સાધક, અમો નાગર નિરાળા !
ગૌત્ર બોતેર અવિષ આચરણ, અમો નાગર નિરાળા !
શિવ સ્કંધ ભાગવત વામન સર્વે પુરાણ વખાણા !
ગાયે ઈશ્વર વિવાહ, અમો નાગર નિરાળા!
અબુ ફઝલ ગુણગાન કરે, અમો નાગર નિરાળા!
ચીની હેનસંગ જેને વખાણે, અમો નાગર નિરાળા!
તાના રીરી રાગ મલ્હારથી તાનસેનના દુઃખ નિર્વાણા!
અકબરે હિન્દથી ન ઝૂક્યા, અમો નાગર નિરાળા!
છ વર્ગ મુખ્ય આપણા, ત્રણ ઉત્સવ નિરાળા!
કલમ કડછી બરછીવાળા અમો નાગર નિરાળા!

– રાજેશ મંડલોઇ, જામનગર.
મો. ૯૩૨૭૬૫૬૪૮૯

## બરછીમાં મોબાઇલ નંબર – વિના મૂલ્યે જાહેરાત અંગે..

બરછીએ આજ સુધી નીતિમત્તા કે પારદર્શિતાના માપદંડમાં કોઈ જ ફેરફાર કર્યા નથી પરંતુ સમય સમય પ્રમાણે સૌને વધુ ઉપયોગી થઈ શકાય તેવા ફેરફાર સુધારા કર્યા છે, તેમાં ઉમેરો કરી રહયા છીએ...

મોબાઈલ નંબર : આજે સંપર્ક માટે તો અનેક માધ્યમો ઉપલબ્ધ છે...યુવા પેઢી માટે વિશેષ, પરંતુ વડીલ વર્ગ માટે બરછીનું માધ્યમ પણ અનેક રીતે ઉપયોગી નીવડી શકે તેમ વિચારી હવે પછી કોઈ વિશેષ સિદ્ધિ કે ઉચ્ચ અભ્યાસમાં સફળતા કે પરદેશગમન વગેરે જેવા હેડીંગ સાથેના સમાચારો સાથે તેમનો મોબાઈલ નંબર છાપવાનો નિર્ણય કર્યો છે..દા. ત. પોતાના સંતાનોના લગ્ન સંબંધ માટે યોગ્ય સમકક્ષ પાત્રની શોધમાં હોય તો કદાચ ઉપયોગી થાય, દાદા– નાના..મોસાળ કુટુંબની વિશેષ માહિતી મેળવવા/જણાવવા, ઉપરાંત કોઈ સિધ્ધિ– સફળતા મેળવનાર યુવાનો– બંધુઓને અભિનંદન પાઠવી શકાય,માર્ગદર્શન મેળવવા, નોકરી ધંધા માટે...વગેરે ઉપયોગો ધ્યાનમાં લઈ સિધ્ધિ–સફળતાના વિશેષ સમાચાર સાથે જેઓ પોતાનો મોબાઈલ નંબર પ્રકાશિત કરવા ઈચ્છતા હોય તેઓને સમાચાર સાથે કોઈપણ એક મો. નં. લખી મોકલવા વિનંતી છે.

ગૃહ ઉદ્યોગ,સ્વવ્યવસાયની વિના મૂલ્યે જાહેરાત : કોરોના કાળની કસોટીમાં કેટલાય બંધુઓ ટિફિન સર્વિસ, નાસ્તા, ટયૂશન કે ઘરમાંથી અન્ય કોઈ ને કોઈ વ્યવસાય કરી રહયા છે જેમાં બહેનો પણ સામેલ થઈ સાથ આપી રહેલ છે. આવા આત્મનિર્ભર બંધુઓના સ્વવ્યવસાયની જ્ઞાતિને જાણ થાય તે કરતાં આ સૌના પ્રેરક અભિગમ થી જ્ઞાતિને વાકેફ કરવાના ઉદેશથી આવી જાહેરાત બરછીમાં વિના મૂલ્યે પ્રકાશિત કરવામાં આવશે.. મો. નં. ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર સંપર્ક કરશો.

આપણે સૌ બંધુઓ જે કોઈ વ્યવસાય (જેમ કે ટિફિન,નાસ્તા,રીપેરીંગ,ફોટોગ્રાફી,ટ્રાવેલ, સ્ટેશનરી, પ્રિન્ટીંગ વગેરે જેવા અન્ય કોઈપણ વ્યવસાય) કરતા હોય અને આપણી જરૂરીયાત હોય તો કાયમ માટે પણ જ્ઞાતિભાવનાથી આપણા બંધુઓને જ લાભ આપીએ. –તંત્રી

---

**અંકના પ્રકાશન બાબત :** જાન્યુઆરી માસનો અંક જે અમે જ ૧૫/૨ના રોજ પોસ્ટ કરી શકયા હતા. તેમાં ટપાલ ખાતાની (કોરોનાના સમયમાં સમજી શકાય / સમજવા યોગ્ય) અનિયમિતતાને કારણે આ અંક ઘણા મોડા (૨૦–૨૫ દિવસે) મળ્યા. તેથી બરછીનું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર નકકી થયાની જાણ આ બરછી મળ્યા બાદ થવાથી અને આ વખતે પ્રતિનિધીઓની સેવા મેળવી નથી ત્યારે તેને કારણે લવાજમના ઓનલાઈન પેમેન્ટની તથા જેમ ખબર પડતી જાય છે તેમ છૂટક છૂટક લવાજમ આવી રહયાં છે. તેથી વહીવટી કામગીરી વધી જવાથી અને કેટલી નકલ છાપવી તેનો અંદાજ હજુ નથી આવતો, આ ઉપરાંત થોડા દિવસ પ્રકાશન મોડું કરવાથી પરિસ્થિતી વધુ થાળે પડતાં ટપાલ વધુ નિયમિત થાય અને ફરિયાદ ન રહે..વિશ્વાસ જળવાય રહે.. આવા ઘણા કારણોસર બરછીનો અંક મોડો પ્રકાશિત કર્યો છે..દરગુજર કરશો. માર્ચમાં આપને મળેલ આ અંક ક્રમ જળવાય રહે તે માટે ફેબ્રુઆરીના અંક તરીકે જ પ્રકાશિત કરી રહયા છીએ. આવી કસોટીઓના વિકટ સમયમાં બરછીનું પ્રકાશન જારી રાખવામાં આપના તરફથી મળેલ સાથ સહકારની સાભાર નોંધ લઈ ને ભવિષ્યમાં વેરવિખેર થઈ ગયેલી વ્યવસ્થા વ્યવસ્થિત ગોઠવવા અને આપના લવાજમ અને સહયોગનું પૂરૂં વળતર આપવા કૃતનિશ્ચયી છીએ. (૨) ગત માસના અંકના ટાઈટલ ઉપર કાર્યભારણને કારણે મારી ભૂલથી જાન્યુઆરી–૨૧ને બદલે જાન્યુઆરી–૨૦ છપાયેલ. દરગુજર કરશો. ધ્યાનમાં આવેલી આ ભૂલને મારા સુધી પહોંચાડનાર સૌ સાચા શુભેચ્છકોનો આભાર. (૩) જાન્યુઆરી માસનો અંક જેઓને ન મળ્યો હોય તો મેસેજ કે ફોનથી જાણ કરવાથી અચૂક મોકલી આપીશું.–વિ.શાં.ધો.

## કુ. રાધા મહેતાની ભાષા સંયોજક તરીકે નિયુક્તી

ભારતીય પ્રશિક્ષણ સંસ્થાન ગાંધીનગર દ્વારા જૂનાગઢનાં કુ. રાધા રાજીવ મહેતા ભારતીય ભાષા અને સંસ્કૃતિ વિભાગના કોર્ષ કોઓર્ડિનેટર તરીકે નિયુક્ત થયાં.સંસ્કૃત વિષય સાથે એમ.એ.થયેલાં કુ. રાધા મહેતા ને ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં ૨૫ ભાષાનો અભ્યાસક્રમ (કોર્ષ) તૈયાર કરી વિસ્તારવાની જવાબદારી સોંપવામાં આવી છે.

યુવા વયે અનેક ગહન વિષયો પર પોતાના જ્ઞાનનો પરિચય આપતાં, ધારદાર અને રસપ્રદ શૈલીમાં વકતવ્ય આપી પ્રખર વક્તા તરીકે જાણીતાં કુ. રાધા ભાષા સંયોજક તરીકે પણ સફળતા મેળવે તેવી શુભેચ્છા.

<u>અમદાવાદ :</u> પી.એચડી.હાવર્ડ યુનિ. તથા એમબીએ.ની પદવી ધરાવતા હાર્દિક મહેશભાઇ જોશીપુરા નવી મુંબઈ ખાતે ઈનોવાસીન્થ ટેકનોલોજી લી.માં ચીફ એક્ઝીકયુટીવ ઓફિસર (સીઇઓ) તરીકે જોડાયા.



વડોદરાના શ્રીમતી રૂપલ તથા હેમાંગ અંતાણીના પુત્ર ઉન્નતએ અમેરિકા ની ખ્યાતિપ્રાપ્ત રોબોટીક એન્જીનીયરીંગ માટેની જહોન હોપકિન્સ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. જેમાં સમગ્ર ભારત માંથી જૂજ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે.

## સી.એસ.ની પદવી મેળવતાં કુ. શૈલી માંકડ



જામનગર સ્થિત શ્રીમતી દીપાબેન તથા શ્રી ભરતભાઇ માંકડનાં પુત્રી કુ.શૈલી માંકડ તાજેતરમાં લેવાયેલ કંપની સેક્રેટરી (સીએસ.)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં. તેણી જામનગર નાગર જ્ઞાતિમાં સી.એસ.ની પદવી મેળવનાર પ્રથમ મહિલા છે. અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દીની શુભકામના.

ચિ. શૈલી જામનગરના ધર્મપરાયણ સેવાભાવી તબીબ ડો. વામનભાઇ માંકડ તથા ગં.સ્વ.હંસાબેનનાં પૌત્રી થાય.

## સાહિત્યકાર ડો. દર્શનાબેનને 'કમલાબેન પરીખ શ્રેષ્ઠ લેખિકા પારિતોષિક' જાહેર થયું

સાહિત્ય અને કલા જગતના પ્રતિષ્ઠિત સામયિક 'કુમાર' માં પ્રસિધ્ધ મહિલા લેખિકા ના સર્જન ને દર વર્ષે આપવામાં આવતું પારિતોષિક આ વર્ષે કચ્છી મહિલા સાહિત્યકારને જાહેર થયું છે. 'કુમાર' માં પ્રસિધ્ધ થતી ડો. દર્શનાબેન ધોળકિયાની લેખમાળા 'સ્મૃતિકળા' ને આ વર્ષનું કમલાબેન પરીખ લેખિકા પારિતોષિક એનાયત કરવામાં આવ્યું. જેઓ કચ્છના જાણીતા લેખિકા અને કચ્છ યુનિવર્સિટીના પૂર્વ ઉપ કુલપતિ છે. આ પારિતોષિક 'કુમાર' સામાયિક માં પ્રગટ થતા લેખિકાઓના લેખનમાંથી એક સર્વોતમ કૃતિને પસંદ કરીને આપવામાં આવે છે. આ પારિતોષિકમાં નિર્ણાયક તરીકે પણ લેખિકા જ હોય છે આ વર્ષે નિર્ણાયક તરીકે મુંબઈ યુનિવર્સિટીનાં પ્રો. ડો. અંજલિ શાહે સેવા આપી હતી. આ એવોર્ડ અમદાવાદ મુકામે યોજાનારા સમારોહમાં આપવામાં આવશે. જેમના નામે પારિતોષિક આપવામાં આવે છે, એ કમલાબહેન પરીખ એચ. ડી. આર્ટસ કોલેજમાં ૧૯૬૬-૬૮ ના વર્ષો દરમ્યાન અંગ્રેજીના અધ્યાપક રહેલાં ગુજરાતના સમર્થ સર્જક છે.

સાહસ અને સાફલ્ય

વડોદરા : માઉન્ટેનીયરીંગનો શોખ ધરાવતા અત્રેના આદિત્ય અને શ્રીમતી ઉર્વિ દેસાઈ ઘણાં ટ્રેકીંગમાં જોડાય છે સાથે તેમની પુત્રી ચિ. વ્યાખ્યાને પણ બાળપણથી તેમના શોખ અને સાહસમાં સહભાગી બનાવી ખડતલ બનાવી રહયાં છે..તાજેતરમાં તેઓ ગ્રુપ સાથે ડેલહાઉસીનો સાહસિક પ્રવાસ ખેડવા નીકળી પડયાં જેમાં વ્યાખ્યા પણ સામેલ હતી..મોટા માટે પણ વિકટ કહી શકાય તેવું ૯૬૫૦ ફૂટની ઊંચાઈએ આવેલ સૌથી ઉંચુ દેણકુંડ શિખર, માઇનસ ૩ ડીગ્રીના તાપમાનમાં માત્ર ૬ વર્ષની પુત્રી ચિ. વ્યાખ્યાએ દેણકુંડ શિખરે પહોંચી ભારતનો તિરંગો ધ્વજ લહેરાવ્યો હતો.આટલી નાની વયે આ શિખરે પહોંચનાર સંભવતઃ ગુજરાતની સૌથી નાની પર્વતારોહક બની છે.જ્ઞાતિ માટે તો ઈતિહાસ રચ્યો છે તેમ જ કહી શકાય.જે દાદા–દાદી ચંદ્રભૂષણભાઇ અને ભાવનાબેન દેસાઇ તથા નાના–નાની નયનભાઇ અને હેતલબેન માંકડ પરિવાર સાથે જ્ઞાતિ માટે પણ ગર્વની બાબત છે.




વડોદરા : ડો. રાજેન્દ્રભાઇ હાથી ૭૨ વર્ષની વયે તન મનથી સ્વસ્થ રહેવા હાસ્યના કાર્યક્રમો આપીને તથા આયુર્વેદનો પ્રસાર કરતાં જોડકણા, કવિતા,લેખો દ્વારા સતત પ્રવૃત્ત રહીને અનેકવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ અનેક પારિતોષીકો એવોર્ડ પણ મેળવે છે. આમ, શોખ અને પ્રવૃત્તિને ઉંમરનો બાધ નથી હોતો તે પૂરવાર કરતા રાજેન્દ્રભાઇએ તાજેતરમાં થોડા સમય દરમ્યાન મેળવેલ પુરસ્કારો અને સન્માનની આ યાદી જોઈએ..(૧) એલોપેથી સિવાયની ભારતીય ચિકિત્સા પધ્ધતિના રાષ્ટ્રીય સંગઠન NIMA દ્વારા ઓનલાઈન મેગા સંગીત હરીફાઈમાં ૫૮૨ સ્પર્ધકોમાં તેઓ રાષ્ટ્રીય કક્ષાએ ૧૯મુ સ્થાન મેળવ્યું.(૨) ભોપાલની પ્રખ્યાત સૂરશ્રી સંગીત વિદ્યાલય દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ દેશભકિતની સંગીત હરિફાઈમાં ડો. રાજેન્દ્ર હાથી સિનિયર કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવતાં રૂા. ૨૧૦૦/–નું ઈનામ તથા સન્માનપત્ર મેળવ્યાં. (૩) વડોદરાની નાગર યુથ કલબ દ્વારા આયોજીત રાષ્ટ્રીય સંગીત સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવ્યું.(૪) સરદાર ભવન ટ્રસ્ટ દ્વારા દર વર્ષે યોજાતી મોરારજી દેસાઈ, ડો. આંબેડકર, વિનોબા ભાવે નિબંધ સ્પર્ધામાં પ્રથમ વિજેતા બની રોકડ પુરસ્કાર મેળવ્યો. તેઓ સતત પાંચ વર્ષથી વિજેતાપદ મેળવે છે.(૫) પોરબંદરની હાટકેશ હેલ્પલાઈન દ્વારા આયોજીત ઓનલાઈન વકૃત્વ સ્પર્ધામાં બીજું સ્થાન મેળવ્યું (૬) વ્યસનમુક્તિ માટે જ કાર્યરત રાજ્ય સ્તરની સંસ્થા 'ફેઇથ' દ્વારા સૂત્રો, કવિતા તથા લેખન સ્પર્ધામાં તેઓએ ત્રીજું સ્થાન મેળવી એવોર્ડથી બહુમાન પામ્યા. (૭) વ્રજધામ દ્વારા યોજાયેલી શીઘ્ર વકૃત્વ સ્પર્ધામાં 'શું અંગ્રેજીએ દાટ વાળ્યો' વિષય ઉપર વકતવ્ય આપી દ્વિતીય પારિતોષીક પ્રાપ્ત કર્યું. (૮) વૈષ્ણવ યુથ સંગઠન આયોજિત રાષ્ટ્રીય કક્ષાની દેશભકિત ગીત હરિફાઈમાં ૨૫૮ સ્પર્ધકોમાંથી વિજેતા થયા.(૯) નડિયાદની અમર સંસ્કાર ભારતી સંસ્થા દ્વારા હાસ્ય દરબાર, જોડકણા, કવિતા,લેખ વગેરેને મહતમ વેગ આપવા બદલ ડો. હાથીને સ્ટાર ગોલ્ડ એવોર્ડ તેમજ (૧૦) આરોગ્ય,આયુર્વેદ,સમાજ સેવા વગેરે ક્ષેત્રમાં ડો. હાથીના પ્રદાન બદલ સાહિત્ય મિત્ર વર્તુળ દ્વારા આદર્શ નાગરિક એવોર્ડ એનાયત થયા.

રાજકોટ : મિરલ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા તા. ૭/૩ના રોજ અત્રેની હોટેલ મોરીસ ખાતે જ્યોતિષ વાસ્તુ શિબિરનું આયોજન થઈ ગયું. જેમાં અંક જ્યોતિષ,ટેરો કાર્ડ, રમલ,ફેઇસ રીડીંગ,વાસ્તુશાસ્ત્ર જેવી અનેક શાખાઓ દ્વારા લોકોની મુંઝવતી અનેક સમસ્યાઓનું સમાધાન અન્ય શહેરોમાંથી પધારેલ જે તે શાખાના નિષ્ણાત જ્યોતિષો દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં રાજકોટ ખાતેના કોઓર્ડિનેટર તેમજ રમલ જ્યોતિષી જયશ્રીબેન ઓઝા–બક્ષીએ પોતાની સેવા આપી જ્યોતિષ માર્ગદર્શન પૂરૂં પાડેલ.

Any one can pay KKB Subscription through
Bank of Baroda, Kalawad Road, Rajkot. Pls. note account No. 15010200000110 IFC Cd. BARB0KALAWA

# ફિલ્મ 'યુવા સરકાર'જ્ઞાતિ યુવાનના સાહસ કૌશલ્ય સાથે ટીમવર્કનું સુફળ



અહીં યુવા સરકાર ફિલ્મનો પ્રચાર નથી કરવો કારણ રીવ્યુ ઘણા લખાય ગયા, ઘણા બધાએ જોઈ પણ હશે જ, અહીં તો માત્ર જ્ઞાતિ કલાકારોની કલા, સાહસ,ટીમવર્ક, સફળતામાં દરેકનું યોગદાન વગેરે પ્રેરક પાસાંઓનો જ્ઞાતિભાવનાથી પ્રસાર કરવો છે..


હર્ષલ માંકડ અને રક્ષિત વસાવડા લિખિત અને અભિનિત ફિલ્મ 'યુવા સરકાર'માં દિગ્ગજ સીનેઅભિનેતા શ્રી મેહુલ બુચ ઉપરાંત ભાવનગરનાં આસ્થા મહેતા, રાજકોટના હર્ષિત ઢેબર,અનીશ કચ્છી, મિલન ત્રિવેદી, ચેતસ ઓઝા, ચેતન છાયા,જૂનાગઢના હિતશ્વ નાણાવટીએ અભિનયના ઓજસ પાથર્યા છે, ઉપરાંત જ્ઞાતિના ૩૬ કલાકારો ને સ્ટેજ મળ્યું છે..અને દરેકએ પોતાને ભાગે આવેલ પાત્રને યોગ્ય ન્યાય આપી અભિનય આપ્યો છે.

'હેયાન' ઉપનામથી જાણીતા યુવા લેખક, આક્રમક છટાદાર શૈલીના વકતા, શ્રેષ્ઠ એન્કર, સંન્નિષ્ઠ બેંકર એવા રાજકોટના હર્ષલ માંકડના નામથી અને તેમની બહુમુખી પ્રતિભાથી તો જ્ઞાતિજનો પરિચિત છે જ પરંતુ હવે ગુજરાતી ફિલ્મ 'યુવા સરકાર'માં તેમના અભિનય કૌશલ્યનો પરિચય કરાવી નાગર જ્ઞાતિ માટે વિરલ એવાં આ ફિલ્મ ક્ષેત્રમાં પ્રવેશ કરી 'અભિનેતા' તરીકે સોહરત પણ હાંસલ કરી છે..

હર્ષલ(આમાંના અન્યો)પાસેથી કોઈપણ ક્ષેત્રમાં મળેલી સફળતા–નિષ્ફળતા ભૂલી /પચાવી ને મસ્તમિજાજ અને જિંદાદીલી સાથે જીવંત રહેવાની સજજતા–સહજતા, સાહસ,ઈચ્છાશક્તિ, નિર્ણયશક્તિ, આયોજનશકિત,ધગશ, પુરૂષાર્થ,કર્તવ્યનિષ્ઠા, સમયપાલન,એકાગ્રતા, સ્પષ્ટ અભિપ્રાય, દરેક વિષયનું વાંચન, તાણમુકત રહેવા સંગીત,રમત ગમત જેવા શોખ તેમ ઘણું ઘણું શીખવા જેવું ને કેળવવા જેવું છે.




અત્રે ઉલ્લેખનીય છે કે લોકડાઉનના કપરા સમયમાં યુવા સરકાર ફિલ્મ રીલીઝ કરી થીયેટરમાં પ્રદર્શિત કરવાના હર્ષલ માંકડના સાહસિક નિર્ણય લીધો અને અનેક મોટાં શહેરોમાં છ મહીના સુધી આજે પણ આ ફિલ્મ ચાલી રહી છે તો કેટલાંક શહેરોમાં તો શો હાઉસફુલ પણ થયા. તેઓ કોઈપણ કામ કે કલા હાથમાં લે તેમાં દિલોજાંથી પોતાના સમય અને શક્તિ નીચોવી શ્રેષ્ઠ પરિણામમાં માને..હર્ષલ માંકડે યુવા સરકાર ફિલ્મ નિર્માણમાં પણ લાખો રૂપિયાના રોકાણનું જોખમ ઉઠાવી, સફળતા નિષ્ફળતાની પરવા કર્યા વગર, શરૂથી અંત સુધી તનતોડ મહેનત કરવામાં કોઈ જ કચાશ રાખી નથી. ડાયરેકટર તરીકે રક્ષિત વસાવડાની નાટય ક્ષેત્રનો અનુભવ, કુનેહ અને વીઝન જોઇ શકાય છે તો શ્રી અભિલાષ ઘોડા અને ચેતસ ઓઝાની ફિલ્મના પ્રોડકશન થી પ્રમોશન સુધીની મહેનત અને પ્રચાર ઝુંબેશ માટેનો કઠોર પરિશ્રમની, દરેક કલાકારની ધગશ લગનની અને અંતમાં પણ મુખ્ય..ફિલ્મ નિર્માણના વિચારથી આજ સુધી હર્ષલના પિતા મહેશભાઇ તથા માતા–અંજનાબેન, તેમનાં અર્ધાંગિની કાનન અને બાળ વયની દીકરી ધૂન ના સમય અને સાયુજ્યના બલિદાનની નોંધ પણ લેવી ઘટે જ છે.દરેકને ધન્યવાદ આપીએ.




અંતમાં આ દરેકના ફલસ્વરૂપ તાજેતરમાં જાહેર થયેલ ગુજરાત ટુરિઝમ એકસેલન્સ એવોર્ડ ૨૦૧૯–૨૦ માં ૧૦ નોમીનેશન માંથી બેસ્ટ ડાયલોગ–હર્ષલ માંકડ અને રક્ષિત વસાવડા, બેસ્ટ ડેબ્યુટ એકટર– હર્ષલ માંકડ, બેસ્ટ સપોર્ટિંગ એકટર હર્ષિત ઢેબર, બેસ્ટ એકટર ઈન નેગેટીવ રોલ મેહુલ બુચ તેમ ચાર એવોર્ડ તેમજ અહેસાસ પીપલ્સ ચોઇસ એવોર્ડસમાં ૧૨ નોમીનેશનમાંથી ત્રણ એવોર્ડ મેળવ્યા છે. અભિનંદન



OR PAYTM on 9428700105 OR (From barchhi.com - Rs.10.63 Ps. company extra service charge to be paid)


# પૂર્વ આઈ.એ.એસ. અધિકારી કર્મયોગી કિશોરભાઈ બુચનું દેહાવસાન



જામનગર ખાતે કનકતારાબેનના કૂખે ૧૭ મે, ૧૯૩૪ ના રોજ કિશોર ભાઈ બુચનો જન્મ, પિતા ભાનુપ્રસાદ બુચ જેઓ ગોંડલ ખાતે રેવન્યુ ખાતામાં ફરજ બજાવતા હતા. પાંચ ભાઈ બહેનોમાં બીજા ક્રમે કિશોરભાઈ. બચપણ અતિ સામાન્ય સ્થિતિમાં વીત્યું. નાનકડા ભાડાના મકાનમાં સાત સભ્યોનો પરિવાર રહેતો. બાળપણની મોજ અને પ્રાથમિક શિક્ષણ જામનગરથી મેળવ્યાં. જ્યારે કોલેજનું શિક્ષણ રાજકોટમાં માસીને ત્યાં રહીને અર્જિત કર્યું હતું. અભ્યાસમાં પહેલે થી જ તેજસ્વી પરંતુ આર્થિક સંકડામણ ને કારણે ગ્રેજયુએટ સુધી જ સંતોષ માન્યો છતાં આપ બળ અને આત્મબળ થકી આઇએએસ. કક્ષાએ પહોંચ્યા હતા. પારિવારિક અને સામાજિક જવાબદારીઓનો ગોર્વધન ઉઠાવ્યો. બહેનોના પ્રસંગો સારી રીતે ઠાળે પાડયા.

સન ૧૯૫૪માં કિશોરભાઇની કારકિર્દીનો સૂર્યોદય વાંકાનેરથી થયો. પ્રારંભિક સમયમાં તેઓ કચ્છ, સૌરાષ્ટ્રમાં રહયા. સન ૧૯૫૫ થી ૧૯૭૨ લગાતાર ૧૮ વર્ષ દરમ્યાન વિવિધ સરકારી વિભાગોમાં નિષ્ઠાવંત અધિકારી તરીકે ફરજ બજાવી. જે દરમ્યાન સન ૧૯૬૦ માં તેઓનાં લગ્ન સ્થાનકવાસી જૈન સમાજનાં મીનાક્ષીબેન સાથે થયાં. સાઈઠ વર્ષનું બંન્નેનું દામ્પત્યજીવન પ્રસન્ન અને સફળ બની રહયું.

સન ૧૯૭૩ થી ૧૯૮૮ એટલે કે,સતત પંદર વર્ષ સુધી દક્ષિણ ગુજરાત માં વાંસદા, વ્યારા, વલસાડ માં તાલુકા વિકાસ અધિકારી/ડેપ્યુટી કલેકટર તરીકે રહી આ સમયગાળા માં પંચવર્ષીય યોજનાઓનો સાર્થક અમલીકરણ કરાવવામાં અગ્રેસર રહયા. સન ૧૯૮૯ માં આઈ.એ.એસ. તરીકે પ્રમોશન મેળવ્યું અને ૧૯૮૯ થી ૧૯૯૨ સુધી ચાર વર્ષ જિલ્લા વિકાસ અધિકારી અમરેલી, ડેપ્યુટી સેક્રેટરી અમદાવાદ, જિલ્લા વિકાસ અધિકારી તરીકે અમદાવાદમાં ફરજ બજાવી. અમદાવાદ અને અમરેલીના ગ્રામ્ય લોકજીવન માં તેમનું માતબર યોગદાન રહયું.કિશોરભાઈએ જિંદગીની ઘણી તડકીછાંયડી જોઈ હતી. તેથી છેવાડાના માનવીના ઉત્થાનમાં પણ તેઓ વિશેષ રસ લેતા. કામ ને ટાળવાની વૃતિ એમના માટે કેન્સર સમાન હતી. બાહોશ અને વહીવટી કુશળ, ઈમાનદાર અધિકારી તરીકે તેઓની ગણના થતી. સ્પષ્ટવાદિતા, તત્કાલ નિર્ણય લેવાની દક્ષતા, દૂરદર્શિતા તથા સમયપાલન એમની જિંદગીનાં મજબુત પાસાં હતાં. કિશોરભાઈ ઉચ્ચ હોદાનું ગુમાન રાખ્યા વગર અધિકારીઓ અને સમાજ સાથે સીધો સંવાદ સ્થાપીને કાર્ય પતાવવાની નહી પણ દીપાવવામાં રૂચિ લેતા.




સરકારી વિભાગમાં ૩૭ વર્ષની બેદાગ સંન્નિષ્ઠતા સાથે ફરજ બજાવી સન ૧૯૯૨માં સેવા નિવૃત થયા હતા. તેઓની દીર્ઘકાલિન દમદાર સેવા બદલ રોકડથી લઈને પ્રશસ્ત પત્રની સાથે પુરસ્કારો પણ એનાયત થયા. આ ૩૭ વર્ષની કર્તવ્યયાત્રા દરમ્યાનના અને જિંદગીના અનેક કડવા મીઠા સંસ્મરણો સ્વજનો સાથે વાગોળતાં નિવૃત જીવન અમદાવાદ ખાતે વ્યતિત કર્યુ.


જીવનને પૂર્ણ ભોગવતાં યુરોપિયન દેશોનો પ્રવાસ પણ ખેડયો ને હમેંશા નૂતન શીખવાની અને સમયની સાથે ટેકનોલોજીના જીવંત

સંપર્કમાં પણ રહેતા. સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી આત્મનિર્ભર કર્યાં. ભવિષ્ય ને ધ્યાનમાં રાખી ને ક્ષેત્રની પસંદગી કરવામાં તેમની દીર્ઘદ્રષ્ટિ અને માર્ગદર્શન અનમોલ રહયું હતું. તેમનાં પ્રથમ પુત્રી ભાવનાબેન ધીરેનભાઈ બક્ષી (રાજકોટ), બીજાં પુત્રી રૂપાબેન ભૂપેશભાઈ નાગર (યુ.એસ.એ.) ત્રીજાં પુત્રી હિરવાબેન યજ્ઞેશભાઈ પોટા(સિંગાપુર) અને ચોથા ક્રમે પુત્ર પુત્રવધૂ આશિષ મેઘાબેન બુચ સામેલ છે.

કિશોરભાઈને પોતાની કારકિર્દી દરમ્યાન ઘણા જ સંતો, મહંતો, અનેક આધ્યાત્મિક ગુરૂઓના સંપર્ક માં આવ્યા હતા. જેમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના સૂત્ર સંચાલક શ્રીરામ શર્મા આચાર્ય અને બ્રહ્મલીન પ્રમુખસ્વામી બંધુ ત્રિપાઠી અને દાદાથી પ્રભાવિત હતા અને સમયાંતરે પ્રેરણા અને આશીર્વાદ પણ મેળવતા હતા. આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન સવિશેષ હતું. તેઓ વેદમાતા ગાયત્રી દેવી અને મહાદેવના ઉપાસક હતા. શ્રીરામ શર્મા આચાર્ય એમના ગુરુ હતા.


આવા શ્રધ્ધા, ઊર્જા અને કર્તવ્યનિષ્ઠાથી છલકતા નોખી માટીના આ કર્મવીર તા. ૪ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ જીવનલીલા સંકેલીને અંતરિક્ષની યાત્રાએ નીકળી ગયા. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## ખંભાળીયાના મોભી શ્રી રજનીકાન્ત નવલશંકર બુચની વિદાય



ખંભાળીયાના સંસ્કાર પુરૂષ નવલશંકર બુચના સંયુકત કુટુંબના મોભી, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના નિવૃત્ત અધિકારી શ્રી રજનીકાન્તભાઇ નવલશંકર બુચનું ૮૩ વર્ષની વયે દેહાવસાન થયું. સેવાભાવી સ્વભાવ અને ધર્મપારાયણ રજનીકાન્તભાઇનો હાટકેશ પાટોત્સવ નિમિત્તે પૂજન અર્ચન અને નાત જમણની પરંપરાગત ઉજવણીમાં તન મન ધનથી સિંહ ફાળો રહયો હતો. જેને પોતે અનુસરતા તેવા ધર્મ, પરંપરા, સૌ માટે સમાદર, વિવેક,કુટુંબભાવના,સાદગી,કરકસરના પાઠ બાળકોને શીખવવાના આગ્રહી હતા. આજના સમયમાં આપણે પણ અપનાવવા યોગ્ય પ્રેરક એવા બે નિયમ—શોખ હતા..(૧) તેઓ અને તેમના લઘુબંધુ કાર્તિકભાઇ ગામની બેંક, સરકારી ઓફીસ—હોસ્પિટલ કે LICમાં કોઈપણ નાગર બંધુ આવે તેને માત્ર પરિચય કેળવવા અચૂક મળવા જાય જ અને તેમને કોઈપણ મદદની જરૂર હોય તો નિઃસ્વાર્થ ભાવથી કરવાની અને પોતાના ઘેર પરોણાગત પણ કરવાની ને બરછીના સભ્ય તરીકે પણ જોડવાના.( ૨) સદ્વિચારો દ્વારા સૌનું આચરણ શુદ્ધ થાય તેવા શુભ ઉદ્દેશથી ખંભાળીયાના હાટકેશ્વર, અન્ય મંદિરો તથા ગામમાં અનેક સ્થળે બ્લેક બોર્ડ ઉપર દરરોજ જીવન સંવારતાં સુવાકયો લખવાનો નિયમ—શોખ હતો.

તેઓએ બરછીને આજીવન ખંભાળીયાના પ્રતિનિધી તરીકે (ચારેક દસકાથી વધુ સમય) પોતાની સેવા આપી હતી.. એક સમયે ખંભાળીયાના ૪૦ જેટલા જ્ઞાતિબંધુઓને બરછી સાથે જોડયા હતા છતાં નિરપેક્ષ એવા કે પોતાનું નામ લવાજમ—રકમ સાથે પહેલું લખી મોકલે.તેઓને સાત્વિક વાંચન સાથે લેખનનો પણ શોખ,નાના મોટા સમાચાર, સુવિચારો પોસ્ટકાર્ડમાં લખી મોકલે. તેમની કલમ દ્વારા બરછી, હાટકેશજનના વાંચકોને સંકલિત સુવાકયો,રીતરિવાજો,જીવનઉપયોગી,પ્રેરકબોધકથા વગેરેનો ઘણો લાભ આપી ગયા...




ધર્મનિષ્ઠ, નિષ્કામ સેવક, સત્વગુણી,નીતિવાન વડીલની ખોટ માત્ર પરિવારને જ નહી, જ્ઞાતિ તેમજ બરછીને પણ નિઃશંક સાલશે. મુ. રજનીકાન્ત ભાઇને બરછી પરિવાર તરફથી ભાવાંજલી. અસ્તુ !

## માંગલ્ય લાખિયા ઈન્ડિયન આર્મીમાં લેફ્ટનન્ટ તરીકે નિમાયા

અમદાવાદ સ્થિત શ્રી સાવન નિકુંજભાઇ લાખિયા તથા શ્રીમતી મૈત્રી લાખિયાના પુત્ર માંગલ્ય લાખિયા માત્ર ૨૩ વર્ષની વયે ભારતીય સેના (ઈન્ડિયન આર્મી) માં લેફ્ટનન્ટ તરીકે નિમણુંક પામ્યા છે.


શ્રી માંગલ્ય લાખિયાએ વર્ષ ૨૦૧૮માં યુપીએસસી દ્વારા યોજાયેલ કોમન ડિફેન્સ સર્વિસ (સીડીએસ)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ તેઓ સર્વિસીસ સિલેકશન બોર્ડ (એસએસબી) માટે માન્ય થયા બાદ ભોપાલ ખાતે એસએસબીની પરીક્ષામાં સફળતા મેળવી ઈન્ડિયન મિલીટરી એકેડમી (આઈએમએ) દેહરાદૂનમાં આર્મી ઓફિસર ટ્રેનીંગ માટે પસંદગી પામ્યા હતા. બે વર્ષની અત્યંત કપરી તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ તાલીમના અંતે લેફ્ટનન્ટ તરીકે કમિશન થયા અને પઠાણકોટ ખાતે નિમણુંક પામ્યા છે.




શ્રી માંગલ્ય લાખિયા એ શાળા અભ્યાસ સંત કબીર સ્કૂલ નારણપુરા અમદાવાદ ખાતે કર્યો અને નિરમા યુનિવર્સિટીમાંથી બી.ટેક.(સિવિલ એન્જી.)નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન મિલીટરી એકેડમી, દેહરાદૂનની આ બેચમાં પસંદગી પામનાર માંગલ્ય લાખિયા એક માત્ર ગુજરાતી ઉમેદવાર છે.

દેશના રક્ષા ક્ષેત્રે એક વધુ જ્ઞાતિ યુવાને પદાર્પણ કરી કુટુંબ સાથે જ્ઞાતિને પણ ગૌરવ બક્ષ્યું છે.

ગર્વભેર અભિનંદન સાથે શુભકામના પાઠવીએ.




## યાદ

વિચારોના વૃંદાવનમાં ઓ પ્રિયતમ
અમે તો યાદના કમળ થઈ ખીલ્યાં...
ભાવભીના સ્પંદનોના મીઠાં ઝરણાં,
અમે તો, અપાર હેતેથી શિરે ઝીલ્યાં..
મુઠ્ઠીમાં ભરીને રંગીન પતંગિયાઓ,
અમે તો, માંડ માંડ કરી એને ઝાલ્યાં..
ખુશીયોના સથવારે આજ રે સજન,
અમે તો, હીંચીને હૈયાં અમારા હેલ્યાં..
તેજ રે ઓછું સૂરજને પડતાં કદીક,
અમે તો, આગિયા ઉધાર ઈને આલ્યાં..
ચાંદનીના શીતળ કિરણો લઈ જઈને,
અમે તો, ઓલી ચંદન પટારીએ ઘાલ્યાં..
ઝાંકળના ટીપાંના તોરણ બનાવી,
અમે તો, પાંદડાની બારશાખે મેલ્યાં..
વાંસળીના સૂર સ્વપ્નમાં સાંભળી,
અમે તો, બંધ કમાડ હૈયાના ઠેલ્યાં..

—શ્રીમતી નિષ્ઠા વછરાજાની, વડોદરા.
મો. ૯૯૦૪૦૪૪૬૬૨

## મોજુદગી

મારી યાદોમાં માત્ર તમારી મોજુદગી હતી,
જાણે કે સવારમાં ગજબની તાજગી હતી.
શોભતું હતું એ રૂપ મારી આંખોમાં એ રીતે,
જેમ મોરને માથે શોભતી એક કલગી હતી.
કરતો હતો હું વિનંતી તને એવી જ અદાથી,
જેવી રીતે કરાતી ખુદાને કોઈ બંદગી હતી.
કહેતી હતી આ દુનિયા મને સમજુ ઘણો જ,
એ ક્યાં જાણે કે મને આપની દીવાનગી હતી.
કોણ માને છે મનાવવાથી અહીયા 'ઉમંગ'
મારી સાથે રહેતી હવે એની નારાજગી હતી.

વિશ્વેશ ઝાલા, અમદાવાદ.
મો. ૯૯૭૪૪૨૪૯૮૬

# કૃષ્ણાર્થ

'કૃષ્ણાર્થ' એટલે
કૃષ્ણનામની સમજણ આપતો
સહિત્યાવતાર !
માત્ર ગુજરાતી જ નહીં,
વિશ્વની તમામ ભાષાઓમાં
સૌ-પ્રથમવાર
શ્રીકૃષ્ણનાં ૧૦૧ નામોની
ભાવસભર અર્થમીમાંસા કરતું
અનુપમ પુસ્તક




કિંમત રૂ. ૨૨૦
ફ્રી શિપિંગ (ભારતમાં)
ઘરબેઠાં પુસ્તક
મેળવવા માટે
**paytm** થી પેમેન્ટ કરીને
સ્ક્રીનશોટ સાથે
પૂરું નામ, સરનામું
વ્હોટ્સએપ કરો.

લેખક : વિરલ વૈશ્નવ **990 990 4664**


## સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપક્રમે 'ચયનિકા' પુસ્તિકાનું વિમોચન

સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ)ના ઉપક્રમે અમદાવાદમાં હોટલ પાર્ક ખાતે સંસ્થાના રજત જયંતિ કાર્યક્રમ રૂપે 'વસંતના વધામણા' કાર્યક્રમનું રાજકોટના મૂકસેવક શ્રી હિમાંશુભાઇ માંકડના અધ્યક્ષ પદે આયોજન થઈ ગયું. ડો. જલ્પેશ મહેતા પ્રમુખ અ.ભા. નાગર પરિષદ તથા શ્રી ઓજસ માંકડ ગુના અતિથિ વિશેષ તરીકેનું સ્થાન શોભાવ્યું હતું. સંસ્થાના ચેરમેન શ્રી અરૂણભાઇ બુચના વરદ હસ્તે તેઓની નિઃસ્વાર્થ લોકસેવા બદલ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું તેમજ સંસ્થાના કાર્યકરો શ્રી ગિરીશભાઇ ત્રિવેદી, શ્રી કશ્યપભાઇ મહેતા તથા શ્રીમતી રીટાબેન રાજાનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અમદાવાદનાં શ્રીમતી નલિનીબેન મહેતાના હસ્તે લગ્નોત્સુક યુવક/યુવતીઓની માહિતી પુસ્તિકા 'ચયનિકા'નું વિમોચન કરવામાં આવ્યું હતું.પરિચય સંમેલનમાં આશરે ૨૫૦ યુવક– યુવતીઓએ ભાગ લીધો હતો.આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી નરેશ રાજાએ પ્રાસંગિક સંબોધનમાં છેલ્લાં ૨૫ વર્ષથી સંસ્થાને સહાયભૂત થયેલ દિવંગતોનો ઋણ સ્વીકાર કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી, કાર્યક્રમમાં ઉપસ્થિત અન્ય શહેરની સંસ્થાઓના આગેવાનો, સહભાગી થનાર સૌ કોઈનો દાતાઓનો આભાર માન્યો હતો. અંતમાં સૌ ભોજનને ન્યાય આપી વિખરાયા હતાં.



૮ માર્ચ વિશ્વ મહિલા દિન નિમિતે...

## સ્વ. મુકતાલક્ષ્મી જીકાર : દવાવાળાં માજી

તા. ૮/૩/૨૦૨૧ ના વિશ્વ મહિલા દિને આપણે એટલું તો કહી શકીએ કે જે બાબત આજે મહિલા સ્ત્રી શકિતકરણના નામે ગજવીએ છીએ એ બાબત જયારે સ્ત્રી ખુદ એક શકિત જ છે ત્યારે જયારે જયારે જરૂર પડી છે ત્યારે ત્યારે એ પોતપોતાની જરૂર મુજબ એક શકિત થઈને ઉભી જ છે પછી ભલે રાજ્ય હોય કે કુટુંબ હોય. આવી જ પ્રેરક વાત અમારે છેક ઈ.સ. ૧૯૪૫–૪૬ ના અરસાની કરવાની છે કે જયારે સ્ત્રીઓ દુકાને કોઈ ચીજ વસ્તુ ખરીદવા જઈ શકતી નહોતી. તો વળી આપણી જ્ઞાતિની વાત તો જુદી જ હતી. ત્યારે મુળ જુનાગઢ ના સ્વ. મુકતાલક્ષ્મી કુંદનરાય જીકાર જેવાં અજાણ્યા મોટા ગણાતા શહેરમાં પોતાના કુટુંબને આર્થિક ક્ષેત્રે ટેકો આપવા ઘર બહાર માનભેર ડગ માંડયા અને એ રીતે સ્ત્રી શકિતનો પરિચય કરાવ્યો હતો.

આ સત્ય ઘટના અતિ ટૂંકમાં નીચે મુજબ આલેખી ને એ જીકાર માતાજીને કોટિ કોટિ નમન કરીએ.

સ્વ. મુકતાલક્ષ્મી જીકારના પતિ જુનાગઢ ખાતે નામે કુંદનલાલ ઈ.સ. ૧૯૩૯ માં સરકારી નોકરી માંથી નિવૃત થયા એક તો એ જમાનાના ટૂંકા પગાર, ભલે સોંઘવારી ગમે તેટલી હોય છતાં તકલીફ પડે. હવે નિવૃત થતા પેન્શન અર્ધાપગારરૂપે થયું. આર્થિક મુશ્કેલી વધી. તેઓને ૩ પુત્રો ૩ પુત્રીઓ હતી. તેમાંથી બે પુત્રીઓના લગ્ન થઈ ગયેલા, પરંતુ બાકીનાનું ભરણપોષણ કરવાનું હતું. પુત્રો માત્ર ૧૦ ધોરણ સુધી ભણેલા. એવામાં સ્વ. કુંદનલાલ જીકારની નજર અમદાવાદ શહેર ઉપર પડી ત્યારે એ શહેર કાપડ મીલોથી ધમધમતું હતું. ઝડપથી વિકાસ પામતું હતું આથી તેઓને થયું કે પોતાના છોકરાઓને ત્યાં કોઈ એ કોઈ નોકરી મળી જશે. અને આ વિચારે આખરે ઈ.સ. ૧૯૩૯ ની આખરમાં જુનાગઢ છોડી ને તેઓ સહકુટુંબ અમદાવાદ આવ્યા. આકાશેઠ કુવાની પોળ માં ભાડે મકાન લીધું. પરંતુ આ સમગ્ર સમય દરમ્યાન સ્વ. મુકતાલક્ષ્મી કુટુંબને કેવીરીતે આર્થિક મદદે આવવું એ વિશે વિચારતા રહેતા હતા. પોતે તો ૪ ધોરણ સુધી ભણેલા પરંતુ ખુબ જ મોટું 'ગણેલા' હતા, વળી પોતાના છોકરાઓની ઘરગથ્થુ શારિરીક તકલીફો વિશે ઘરગથ્થુ દવાઓનું વિશેષ તેઓને જ્ઞાન હતું. અમદાવાદ આવ્યા પછી એક દિવસ ઈશ્વરીય સંકેત થયો. જેમ ગંગા સતીએ લખ્યું છે કે 'વીજળી ને ચમકારે મોતીડા પરોવી લે, પાનબાઈ' એમ તક મળે તેને ઝડપી લેવી જોઈએ...એવુ થયું કે આ મુકતાલક્ષ્મીની પોળ માં એક યુગલ રહેતું હતું તેનું નાકડું બાળક રાતે બહુ રોયા કરતુ હતું. એટલે તેની માતાને થયું કે અહી માજી રહેવા આવ્યાં છે તેને કોઈ ખબર પડે તો બતાવી જોઉ. મુકતાલક્ષ્મીએ બાળકની જરૂરી દવા કરી. બાળક શાંત થયું. અને ચમકારો થયો કે બસ હવે પોતે બાળકો અને સ્ત્રીઓ ની સાર્વજનિક દવા કરશે. આ વિચારે ઔષધનું પુસ્તક 'આર્યભિષેક' લાવ્યાં તેનું ગહન વાંચન કર્યું તેમાંથી ફાકી, ઉકાળા શરૂ કર્યા. અને ધીરે ધીરે તેની ખ્યાતિ વધી તો મીલમાલિકના છોકરાઓથી માંડીને શાકવાળાઓના છોકરાઓની દવા શરૂ કરી. કેટલાય વર્ષો સુધી ચલાવી સહુ તેને માન આપતા. મીલમાલિકો પોતાની મોટરમાં લઈ જાય ઘેર મૂકી જાય શાકવાળાઓ વિના મૂલ્યે શાક આપે.અને તેઓ દવાવાળા માજી તરીકે પ્રખ્યાત થયાં. આમ એક સ્ત્રી શકિતએ મુશ્કેલ સમયમાં આર્થિક ટેકો આપી કુટુંબને ઉગારવામાં મહામૂલું યોગાદાન આપ્યું.

—જસ્મીન દેસાઈ 'દર્પણ'રાજકોટ. મો. ૯૪૨૮૩૪૪૮૧૨

બાળવાર્તા :

# ગાય, બકરી ને કાગડો

લેખક : દુર્ગેશ ઓઝા, પોરબંદર. મો. ૯૧૯૮૧૬૪૯૮૮

(પોરબંદરના શ્રી દુર્ગેશ ઓઝા સર્જનશીલ ગણનાપાત્ર લેખકોમાંના એક છે..આંકડાની માયાજાળવાળી બેંકની નોકરી છતાં તેમના કસદાર વિચારો અને રસાળ કલમનો પરિચય તેમના લઘુવાર્તાના પુસ્તકો, દૈનિકપત્રોમાં કટાર, ચિત્રલેખા સમેત સામયિકોમાં તેમની પ્રકાશિત થતી વાર્તાઓથી થાય છે.નોંધ લઈએ કે હાલમાં જ તેમનું લઘુવાર્તાઓનું ચોથું પુસ્તક પ્રકાશિત થયું તેમજ સાહિત્ય પરિષદના સભ્ય તરીકે પણ ચૂંટાઇ આવ્યા છે. આવા દુર્ગેશ ઓઝાએ બરછીના વાંચકો માટે બાળકોને સારી શીખ સંસ્કાર આપી શકાય તેવી સૌને ગમે તેવી બાળવાર્તા લખી મોકલી હતી જે અત્રે સહર્ષ પ્રકાશિત કરી રહયા છીએ. આજકાલ બાળવાર્તાઓનું લેખન ઓછું થતું જાય છે ત્યારે નવી દિશાના લેખન બદલ તેમને ધન્યવાદ આપીએ... તેઓએ લખી મોકલેલ આ બાળવાર્તા વાંચવા સાથે વાંચી સંભળાવવી વધુ ગમશે. હા, મોટા સમય કાઢી શકે તો અને બાળકો સાંભળવા તૈયાર થાય તો !!)

એક મોટું મેદાન હતું. તેમાં બપોરે એક ગાય ઉભી ઉભી કયારની જોર જોરથી ભાંભરતી હતી, એક બકરી નાચતી કૂદતી ત્યાં આવી. ઘડીક આમ ડોલે, ઘડીક તેમ ડોલે. એ ગાયને જોઈને બોલી, ' ઓ ગાય રે ગાય તને આ શું થાય ? આમ મોટે મોટે થી કાં બોલે ? ગાય કહે, 'ઓ બકરી આ ભૂખે તો બહુ કરી. મને લાગી છે ભૂખ, પણ છે એ વાતું દુઃખ કે કયાંય ચરવા જેવું મળતું નથી. આ જો ને માણસ ઝાડનાં ઝાડ કાપવા બેઠો છે. કયાંક લીલુંછમ મેદાન મળે તો ચરું ને ? સાંજ સુધીમાં કાંઈક ખાવાનું મળે તો સારું.'

બકરી કહે, ઓ ગાય, એમ વાત છે? પણ એમાં મુંઝાઈ શું ગઈ? સમજ તારી તકલીફ હમણાં દૂર થઈ ગઈ. બધા માણસો કાંઈ ખરાબ નથી. અહીંથી થોડે દૂર એક માણસે ઝાઝાં બધાં ઝાડ વાવ્યાં છે. ત્યાં એક મોટં મેદાન છે. હું ત્યાં ચરીને આવી. તે એવું તો મસ્ત ને લીલુંછમ છે કે ન પૂછો વાત. તું ચાલ ત્યાં મારી સાથે. તું તારે ત્યાં ધરાઈને ખાવું હોય એટલું ખાજે. હા, એ માટે તારે થોડુંક ચાલવું પડશે હો.

ગાય તો રાજીની રેડ. એતો પ્રેમથી પોતાની જીભ વડે બકરીનું માથું ચાટવા લાગી ને કહે, 'બકરી, તારો પાડ જેટલો માનું એટલો ઓછો. મને ચાલવાની આળસ નથી. ફરે તે ચરે, ને બાંધ્યો ભૂખે મરે. ચાલ.'ત્યાં અચાનક બકરીને પગમાં કાંટો વાગ્યો.બકરી કહે, 'ઓહ..આ..કાંટો લાગ્યો એમાં મારાથી ચલાતું નથી. હવે શું કરશું? તને ખાવાનું મળશે એ વાતે હું તો બહુ રાજી થતી હતી પણ ઓહ આ...!

ગાય કહે, 'ઓ બકરી એમાં મુંઝાઈ શું ગઈ ? એક કામ કર. તું મારી પીઠ પર બેસી જા.' બકરી કહે, તારી વાત તો મજાની, પણ ઓ ગાય તને મારો ભાર નહી લાગે?

ગાય કહે, ' ના રે ના, તારો ભાર શેનો લાગે? વળી તું તો સારું કામ કરે છે. તારે મારી પાસેથી કાંઈ કરતા કાંઈ નહોતું જોતું તોય તું મારી મદદ કરે છે એટલે હું તો સાવ હળવીફુલ થઈ ગઈ. ચાલ તું બેસી જા ને કઈ બાજુ જવાનું એ કહેતી જાજે. તને બહુ દુઃખે છે ને ? જો હું ચાલીશ, એ વખતે આ કાંટો કેમ ઝટ નીકળી જાય એ ય વિચારતી જઈશ.' આમ કહી ગાય નીચે બેસી ગઈ ને બકરી એની પીઠ ઉપર..

થોડીવારમાં પેલું લીલુંછમ મેદાન આવી ગયું, પણ ગાયે હજી ચરવાનું શરૂ ન કર્યુ. તે ચોતરફ જોતી હતી. ત્યાં એક કાગડો આવ્યો. આ જોઈને ગાય ખુશ થઈને બોલી, ' ઓ કાગડા, આ બકરીને પગમાં કાંટો લાગ્યો છે, તારી ચાંચ છે અણીદાર. તું પહેલા એનાથી કાઢી દે એનો કાંટો. ' કાગડો કહે, 'કાં કાં કાં...એમાં શું? હમણાં કાઢી દઉ. ઓ બકરી, તું લાંબી થઈને સૂઈ જા. તારો પગ બતાવ જોઉ. બકરીએ જે પગમાં કાંટો વાગ્યો' તો એ પગ બતાવ્યો. કાગડાએ એના પગ માંથી કાંટો કાઢી દીધો.હવે ગાયને શાંતિ થઈ. હવે તે મેદાનમાં નિરાંતે ચરવા લાગી. એણે તો એય ને ટેસ થી સરસ મજા નું કૂણું કૂણું ઘાસ ખાધું...એનું પેટ ભરાઈ ગયું. એ પછી તે બકરી કાગડા પાસે આવી. ખુશીમાં બકરી ફરી પહેલા ની જેમ નાચવા લાગી. ગાય ને કાગડો પણ નાચવા લાગ્યા. એ જોઈ બકરી કહે, હું નાચું છું, એ તો જાણે સમજાય છે, પણ તમે બેય પણ શું કામ નાચો છો ? મને એ તો સમજાવો.

ગાય કહે, તારો કાંટો નીકળી ગયો એની ખુશી માં .' કાગડો કહે, 'બકરી , તને દુઃખતું તું એ મટી ગયું ને ? એટલે મને ને ગાયને મજા પડી એટલે અમે એની ખુશીમાં નાચીએ છીએ. જો બધા આમ કોઈ ને ખુશ કરી ને કે ખુશ જોઈ ને રાજી રાજી થાય તો તો આ ધરતી ખૂબ તાજી માજી ને સુંદર બની જાય. કાં કાં કાં...

' બકરી કહે, 'બેં બેં બે. તું કાળો કાગડો, પણ મને ગમ્યો તારો આ મીઠો રાગડો. તેં મારા પગનો કાંટો કાઢી દીધો. ને ઓ ગાય, તું નાચ ભલે, પણ તારું ધ્યાન રાખજે હો, તું થોડીક જાડી, નાચવામાં પડી ન જાતી આડી. તને કકડી ને ભૂખ લાગી હતી, તોય મારા પગ નો કાંટો ન નીકળ્યો ત્યાં સુધી તે કંઈ ખાધુ પણ નહી. તેં કાગડાને કહીને એની પાસે મારા પગ માં રહેલો કાંટો કઢાવ્યો. તમારા બેય નો આભાર.


' ગાય કહે, આભાર તો મારે તારો માનવો જોઈએ બકરી, કેમ કે તે મારું પેટ ઠાર્યું, મને ખાવાનું ગોતી દીધું ને તને પગ માં લાગ્યું, તને દુઃખતું હતું તોય મારા માટે તું મારી સાથે આવી.' કાગડો કહે, 'મને તો સારા કામ કરવાની મજા આવે હો. બકરી, તારા પગનો કાંટો કાઢયો એ કામ કરીને હું ખૂબ રાજી થયો. તેં મને ખુશી આપી એટલે તારો ધન્યવાદ.'

ત્રણેય એકબીજા સામે પ્રેમથી જોયું...ને પછી તો ગાય, કાગડો ને બકરી ત્રણેય એ લીલાંછમ મેદાન માં હારબંધ ઉભાં રહી આનંદથી નાચવા ગાવા લાગ્યાં.

---

## જ્યોતિષવિદ્ યોગેશભાઇ માંકડનું દેહાવસાન

રાજકોટ સ્થિત બેંક ઓફ બરોડાના નિવૃત્ત અધિકારી, વિદ્વાન જ્યોતિષ શ્રી યોગેશભાઇ કૌશિકરાય માંકડનું સુરત ખાતે દેહાવસાન થતાં જ્ઞાતિને સેવાભાવી જ્યોતિષીની ખોટ પડી છે. તેઓએ ગુરૂદીક્ષા તથા પૂજા પાઠ,જપ તપ દ્વારા જ્યોતિષવિદ્યામાં મેળવેલી પારંગતતાનો ઉપયોગ અન્યના શુભ ને કલ્યાણ માટે જ કરી, અસંખ્ય જ્ઞાતિ–ઈતર જ્ઞાતિજનોને સાંસારિક આધિ વ્યાધિ ઉપાધી ઓછી કરવાના ઉપાયો બતાવી માર્ગદર્શક બની રહયા હતા. યોગેશભાઇએ નિઃશુલ્ક ને નિઃસ્વાર્થ અગણિત યુવક યુવતીઓના લગ્નમેળાપક– ગ્રહ– જોયા હશે. તેઓ યુગલના સુખ શાંતિ તથા કુટુંબના કલ્યાણ માટે બંનેના દરેક ગ્રહના પાસાઓનો બારીકાઈથી અભ્યાસ કરી, દરેક ગ્રહના લાભાલાભની સમજ આપી સ્પષ્ટ અભિપ્રાય આપતા હતા. રાજકોટ ખાતે યોજાયેલ લગ્નમેળામાં પણ ગ્રહ મેળાપક માટે નિષ્ણાત તરીકે તેઓની સેવા લેવામાં આવી હતી. આવા પરમાર્થી વિચાર ધરાવતા મુ. યોગેશભાઇના આત્માને શાશ્વત શાંતિની પ્રાર્થના સહ ભાવભીની શ્રદ્ધાંજલી.




લેખીકા : ફાલ્ગુની વસાવડા, ભાવનગર – મો. ૯૦૧૬૨૩૩૭૧૨

આસ્થા આજે બહુજ ખુશ હતી તેની લાડલી દીકરી સુહાનાની સગાઈ નક્કી થઈ ગઈ હતી અને આજે તે પહેલીવાર તેના સાસરે જવાની હતી. સૌમ્ય સ્વભાવ એ પણ સૌમ્ય અને આકર્ષક છે અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ખૂબ સારી કંપનીમાં નોકરી કરે છે. સૌમ્યને રજાઓ ન હોવાથી ધનતેરસ અને કાળી ચૌદસ બે દિવસ સુહાના અહી કરી અને દિવાળીને દિવસે અહીંથી જવાની હતી. આજે ધનતેરસને દિવસે તે આંગણામાં રંગોળી કરી રહી હતી. થોડીક વાર તેને અપલક નજરથી જોયા પછી આસ્થાની આંખો ભરાય ગઈ અને તે અંદર ચાલી આવી. પાણી પી થોડી સ્વસ્થ થઈ ત્યાં તો આંગણામાંથી સુહાનીની બુમ સંભળાઇ...મમ્મી જરાક અહી આવતો ! આ જોને રંગોળી બેલેન્સ થતી નથી બધા જ કલરોમાં કંઈક ખૂટતું હોય એવું લાગી રહયું છે. અને આસ્થા તેને એક કલરનું સૂચન કરી રંગળી બેલન્સ કરાવી પછી સુહાના અંદર આવી એટલે આસ્થાએ તેને હાથ પકડી તેને બાજુમાં બેસાડીને ખૂબ વહાલ કરીને કહયું કે બેટા, જીવન અને રંગોળી બંને સરખાં જ છે. બંનેમાં જો રંગો બેલેન્સ હોય તો જ તે સુંદર દેખાય. અને સુહાનાને મારી વાત સમજાણી નહી. એટલે તેણે મારી સામે પ્રશ્નાર્થથી જોયું. મેં કહયું, ચાલ શાંતિથી બેસ. હું તને બરાબર સમજાવું. આમે આજ સવારથી જેટલી ખુશી હતી તેટલી જ થોડીક ચિંતા પણ હતી કે સુહાના પહેલી જ વાર સૌમ્યના ઘરે જશે અને તેઓનો પરિચય તેને પહેલીવાર થશે. જેવી રીતે સુહાના માટે તેઓ અજાણ્યા છે, તેવી જ રીતે તેઓ માટે પણ સુહાના અજાણી છે. અને કોઈને કોઈના સ્વભાવની ખબર ન હોય ત્યારે ઘણી વખત ગલતફેમી થઈ જાય છે અને જિંદગીભર પૂર્વગ્રહ પણ આમ જ બંધાઇ જતા હોય છે કે તે તો આવા જ છે એવું આપણે સાંભળતા હોઈએ છીએ અને ઉંમર પણ ૨૨ વર્ષની જ તે થોડો ચિંતાનો વિષય હતો અને બાપને ઘેર તો દીકરીને લાડ સિવાય કાંઈ મળ્યું જ ન હોય એટલે તે પણ હતું.આમ તો મેં તેને દરેક વસ્તુ શીખવાડી હતી. મારી મમ્મીએ મને જે રીતે ટ્રેઈન કરી હતી કે જીવનમાં ગમે તે પરિસ્થિતિ આવે તેમાં હારવું ન હોય તો દરેક વસ્તુમાં શરમ રાખ્યા વગર શીખવાની. આ બે મુખ્ય સિધ્ધાંતો ઉપર જીવન બેલન્સ થાય છે. અને તેથી જ તો મેં પણ આસિત ના પાડતા હતા છતાં બધું જ શીખવ્યું હતું...તેમ ચિંતા ન હતી, પણ આ સ્વભાવની રીતે ત્યાં આગળ કઈ રીતે એડજેસ્ટમેન્ટ કરશે તે ચિંતા કરાવતું હતું.

સુહાના મારી પાસે બેઠી, એટલે મેં તેને પહેલો પ્રશ્ન પૂછયો કે સુહાના..તેં રંગોળીમાં કયા કયા કલરનો ઉપયોગ કર્યો ? અને તેણે બહુ જ સહજ રીતે કહયું, શું મમ્મી તું રંગોળીમાં તો આપણે જેટલા કલર વાપરવા હોય તેટલા વાપરી શકીએ.જેમ રંગળી રંગીન તેમ તે વધુ સારી લાગે.એટલે મેં લાલ,પીળો, ગુલાબી,સફેદ,જાંબલી, ભુરો અને કેસરી રંગ વાપર્યા છે. એટલે મેં તેને બીજો સવાલ કર્યો..કયા રંગનું શું મહત્વ છે, તે તને ખબર છે? અને તે મારી સામે આશ્ચર્યથી જોઈ રહી. મેં તેને કહયું કે દરેક રંગનો એક રસ ને રાગ હોય છે. જેવી રીતે લાલ અને ગુલાબી રંગ પ્રેમ માટે, તો કેસરી રંગ ક્રાન્તિ માટે, લીલો રંગ શાંતિ માટે, પીળો રંગ તેજસ્વીતા માટે, કાળો રંગ વિદ્રો હ માટે તો સફેદ રંગ સાદગી અને વૈરાગનો રંગ. અને...

ભગવો રંગ સાધુતાનો રંગ છે..અને આ બધા જ રંગ દરેકે દરેકના જીવનમાં આવે છે અથવા તો તેનું મહત્વ છે. એમ કહી શકાય અને તો જ આ જીવન નામની રંગોળી દીપી ઉઠે છે, પણ જેમ રંગોળીના ચિત્રોની બહાર જો રંગ જાય તો સારૂં નથી લાગતું તેમ આ રંગ પણ તેની માત્રામાં જ હોય તો જીવન દીપી ઉઠે..ખુશખુશાલ થાય.વગર વિચારે આજકાલ લોકો જે રીતે જીવી રહયા છે અને આંધળું અનુકરણ કરીને સંસ્કાર અને સંસ્કૃતિને ભૂલીને જીવીએ તો જીવન રંગોળી નહી પણ ગુંચવાડો અને ગોટાળો લાગે. માટે હું તને આજે આ સમજાવી રહી છું, કારણ કે આજથી જ આ જીવન નામની તારી રંગોળી શરૂ થશે. જેમાં સૌમ્યના પ્રેમના રંગ સાથે સાથે બીજા કેટલાય રંગો ભળશે તે તારે બેલન્સ કરવાના છે. દરેક વખતે આપણું ધાર્યું જ થતું નથી અને છતાં તે સ્વીકારીને આપણે હસતા રહેવું પડે છે જે બધું તારે શીખવું પડશે. તારા પરિવારના દરેક સદસ્ય ખૂબ જ સારા છે અને દરેકને તારી માટે ખૂબ જ લાગણી છે પણ કોઈવાર કંઈ થાય અને તેઓને તારૂં વર્તન ન સમજાય અથવા ગમે તેનું વર્તન ન સમજાય અને ત્યારે જે ઘટના ઘટે તેને ત્યાં જ પૂરી કરી દઈ, જીવનમાં આગળ વધવું તેને વિરક્તીનો ભાવ કહેવાય છે તેને માટે આપણે કંઈ સંસાર છોડીને જવાનો નથી. સુહાના મને એકધારૂં જોયે રાખતી હતી, અને તેણે મને એક નાનો પ્રશ્ન કર્યો..મમ્મી તારી રંગોળી બેલન્સ છે? અણધાર્યો આ સવાલ આવશે એવી મને અપેક્ષા ન હતી માટે શું જવાબ દેવો એ વિચારતી હતી...મેં કહયું, હા, ચોકકસ વળી તમે બે છો, તારા પપ્પા છે, ઘર છે અને આ બધું તો છે જ અને મેં રંગોળી ખૂબ જ સરસ રંગોથી ભરી છે ને હું ઈચ્છું છું કે તું પણ સુંદર રીતે તારી આ જીવન રંગળી સજાવ. અને સુહાના મને પ્રેમથી ભેટી પડી, ઉઠી ને ત્યાંથી ઉપર ચાલી ગઈ. તેને તેનું પેકીંગ પણ હજી કરવાનું હતું. અને કહેતી ગઈ તું પણ ઉપર આવજે.મારે કયા ડ્રેસ લઈ જવા તેનું સૂચન કરવા.

સુહાના ચાલી ગઈ...પણ તેણે કરેલો પ્રશ્નાર્થ !! શું મમ્મી તારી આ રંગોળી બેલન્સ છે? એ પ્રશ્ન મને થોડે ઘણે અંશે અકળાવતો હતો અને મેં મારી જાતને પણ આ પ્રશ્ન પૂછયો કે શું આ જીવન રંગોળી બેલન્સ છે. અને તેને બેલન્સ કરવા માટે મેં કયા કયા રંગોનો ત્યાગ કર્યો છે. 'મા' તરીકે તો મેં તેને બધું સમજાવ્યું અને એક ઉત્તમ દ્રષ્ટાંત પણ આપ્યું...પણ શું ખરેખર દરેક જીવન રંગોળીની જવાબદારી સ્ત્રીએ જ લેવાની છે? એક પ્રશ્ન હજી પણ મનમાં ઉઠી રહયો હતો. અને ત્યાં જ આસિતનો અવાજ આવ્યો. આસ્થા મારાં મોજાં નથી જડતાં અને વોલેટ પણ નથી જડતું. ઝડપથી ઉપર આવ.પ્લીઝ..પ્લીઝ..પ્લીઝ અને એક ઝાટકે તમામ વિચારોને મગજમાંથી કાઢી ને હું એક જ શ્વાસે દાદરો ચઢી, અને ઝડપથી આસિતને તેની તમામ વસ્તુ ગોતી દીધી ને હું વિચારતી હતી કે આ કયો રંગ છે? જે મોટે ભાગે જીવન રંગોળીમાં સ્ત્રી જ પૂરી કરી શકે.

મિત્રો, આજની પેઢી ખૂબ જ ચંચળ ને એકદમ સ્માર્ટ છે પણ એને આ લગ્ન સંસ્થા સાથે બાંધવા અને તેમનું દામ્પત્ય પ્રસન્ન બનાવવા માટે દરેક માએ તેની દીકરીને અમુક શીખ આપવી જોઈએ.રંગોળી સાથે જીવનને વણી લઈ આ શીખ આપતો વાર્તા પ્રયોગ કર્યો છે આશા છે આપ સૌને પસંદ આવશે.



## લગ્ન વિષયક જાહેરાત

(૧) બી.એસસી., એલટી., જ.તા.૨૯/૮/૯૧, ઉ. ૫'.૪" મુંબઈ ખાતે પ્રા.લી.કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૭૯૦૦૧૬૧૩૩૪

(૨) એમ.કોમ(ઇન્ટર સીએ.) જ.તા.૨૪/૧૦/૯૪, ઉ. ૫'.૬" મુથુટ ફાઇનાન્સ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૯૯૯૩૮૦૯

(૩) બી.ટેક.,(પી.એચડી.)એમ.એસ.(યુએસએ.) પેટ્રોલીયમ એન્જીનીયર, જ. ૯/૧૯૯૫, ઉ. ૫'.૯" અમેરિકા ગ્રીન કાર્ડ ધારક ત્યાં નોકરી કરતા યુવકને અમેરિકા સેટલ થઈ શકે તેવી કન્યા. સંપર્ક : ૯૮૨૫૨૫૦૫૨૧

(૪) સી.એ.,જન્મ ૮/૧૯૯૩ પૂના ખાતે ફાર્મા કંપનીમાં મેનેજર ફાઈનાન્સ તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૭૨૪૨૨૧૪૮૦

(૫) ધો.–૧૨ પાસ, જ. ૧૨/૧૯૯૨ પ્રોફેશ્નલ ફોટોગ્રાફર તરીકે સ્વતંત્ર વ્યવસાય કરતા યુવકને યોગ્ય કન્યા. સંપર્ક : ૯૪૨૮૪૩૮૨૨૭

---

**સગપણ સગાઈ :**

રાજકોટ નિવાસી શ્રીમતી જાહ્નવી તથા ડો. ધર્મેન્દ્ર વત્સરાજનાં પુત્રી ડો. હિરનું સગપણ અંજાર નિવાસી શ્રીમતી પન્નાબેન લક્ષ્મીપ્રસાદભાઇ વોરાના પુત્ર દ્વીરેફ સાથે.

---

અ.સૌ.ભુવનેશ્વરી(વર્ષા) જયંત હાથીની

દશમી પુણ્યતિથિએ હાથી પરિવાર તરફથી સ્મરણાંજલિ



જન્મ:-23-06-1937 અવસાન:- 02-01-2011

ચંડીપાઠના અર્ગલા સ્તોત્રમાં મા જગદંબાને પ્રાર્થનાછે કે

પત્નિમ મનોરમાં દેહી, મનોવૃત્તાનુસારિણીમ

તારિણીમ દુર્ગસંસાર, સાગરસ્ય કુલોદ્ભવામ્

પ્રાર્થનાને સુસંગત આવું વ્યક્તિત્વ ધરાવનાર

જીવનાસાથી વર્ષા એટલે કુટુંબવત્સલતાનું ઉત્તમ ઉદાહરણ

સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણાં સહુનાં દિલમાં રાખી ગયાં

તમે નથી પણ તમારી યાદોનું અસ્તિત્વ મૂકી ગયાં

તમારું નામ સહુના હૃદયમાં સતત ગુંજ્યા કરે

અને ફુલ બની આસપાસ મહેક્યા કરે

સદાય ભીંજ્યા કરશે તમારી સ્નેહભરી સ્મૃતિઓ અમ અંતરમાં

જયંત હાથી અને હાથી પરિવાર

જીવન વિમો તમારા માટે નથી,
એ એમની માટે છે જેને તમે બેહદ પ્રેમ કરો છો..
જી હા, વિમા ક્ષેત્રમાં વર્ષોના અનુભવી એવા
શ્રી પાર્થેશ નાણાવટી આપના અને
આપના પરિવાર માટે વિમા રોકાણ,
ઈન્વેસ્ટમેન્ટ બાબતોને સરળ કરવા સેવાકૃત છે.
♦ટર્મ પ્લાન ♦ બાળ યોજના ,
♦ગેરેન્ટેડ ગવર્નમેન્ટ વળતર,
♦માર્કેટ આધારીત પ્લાન♦ બીઝનેસ ઈન્સયુરન્સ
♦પેન્શન/રીટાયરમેન્ટ પ્લાન,
♦માસિક આવક યોજના વગેરે...
તો આજે જ સંપર્ક કરો, કોલ કરો અથવા
વોટ્સએપ કરો : પાર્થેશ નાણાવટી–રાજકોટ
મો. ૯૯૦૪૨૦૦૨૦૪

**તમારી આજને સમૃદ્ધ, કાલને સુરક્ષીત બનાવો**

**આપના ઘર કે ઓફીસને કલરકામ કરાવી આકર્ષક રૂપરંગથી સજાવવા..**

નવા તથા જૂના ઘરને...

- ❖ કલરકામ
- ❖ રીનોવેશન
- ❖ વોટરપ્રુફીંગ
- ❖ સ્પેશ્યલ કોટીંગ કલરથી

આકર્ષક અને ટકાઉ બનાવવા અમારો સંપર્ક કરશો..

- ❖ બજારભાવ કરતાં વ્યાજબી ભાવની ખાત્રી...

જયેશ વસાવડા – અમેરીકન કલર
મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭

## ABM Travels

Hopefully the end of the tunnel is visible in early 2021, if not earlier, when all of us could resume travel in greater vigour. So 2021 must be the year of reopening and revival, leaving behind memories of 2020!
Domestic tourism in India is already reopening with high confidence as most of the Indian States have allowed unrestricted travel throughout the country. Outbound travel is also likely to open gradually.
Accordingly, we are happy to present our renewed calendar of packages for 2021, to present you with great opportunities to visit your destinations.

**Packages for 2021:**

Kerala/ Goa/ Himachal/ Rajasthan/ South-North East India/ Uttarakhand.
We would be happy to make customised proposals with attractive packages and value additions based on your needs in India.
Please feel free to email us at
**abmtravels@gmail.com for any further information that you may require, or call us 9820817318**
Wishing you the very best for a happy Holidays , and looking forward to receive your query/booking soon!

**શું આપ રાજકોટમાં હળદર, ધાણાજીરૂં જેવા મસાલા/લોટ દળાવવા નથી જઈ શકતા..ચિંતા ન કરો..આપની સમસ્યાનું નિવારણ કરવા માત્ર એક ફોન કરો ને અમે હાજર...**
**કૌશલ વસાવડા : ૭૮૭૮૯૮૮૭૭૮**

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩